# કૃષિ સંશોધન કેન્દ્ર અરણેજ ખાતે “મસાલા પાકોની તજજ્ઞતા” વિષય ઉપર એક દિવસીય તાલીમનુ આયોજન

કૃષિ સંશોધન કેન્દ્ર, અરણેજ અને આત્મા પ્રોજેક્ટ, અમદાવાદ ના સયુંક્ત ઉપક્રમે તે તા. 03/03/૨૦૧૯ ના રોજ કેન્દ્ર સરકાર પુરસ્કુત યોજના “મિશન ફોર ઈન્ટ્રીગ્રેટેડ ડેવેલપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર” અતર્ગત **“મસાલા પાકોની તજજ્ઞતા”** વિષય ઉપર એક દિવસિય તાલીમ યોજવામા આવેલ હતી. તેમાં ધોલેરા અને ધંધુકા તાલુકામાંથી મસાલા પાકો જેવા કે જીરુ અને સુવાનુ વાવેતર કરતા કુલ ૧૧૦ જેટલા ખેડુતો ઉપસ્થિત રહેલ હતા. આ તાલીમ કાર્યક્રમમાં કૃષિ સંશોધન કેન્દ્રના વડા શ્રી એચ. બી પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા, ડો. જે. કે. પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરુઆત ડો. સી.જે. પટેલ દ્વારા શાબ્દિક સ્વાગત કરી કરવામાં આવી હતી. તદ્દુપરાંત દીપ પ્રાગ્ટ્ય કરી કાર્યક્રમની શરુઆત કરવામાં આવી હતી. કેન્દ્રના વડા શ્રી એચ. બી પટેલ દ્વારા મસાલા પાકોમાં સુધારેલ જાત વિષે વ્યાખ્યાન રજુ કરવામાં આવ્યુ હતુ. વધુમાં કેન્દ્ર ખાતે ફરજ બજવતા ડો. સી.જે. પટેલ, શ્રી આર. કે. પટેલ, શ્રી એસ. બી. વિંઝુડા અને શ્રી. એન. આર. બુંબડીયા દ્વારા મસાલા પાકોની ખેતી વિશે માહિતી પુરી પાડવામાં આવી હતી. બીજ મસાલા સંગ્રહ પધ્ધતિની માહિતી તેમજ ક્ષેત્રીય મુલાકાત શ્રી એમ. કે. રાઠવા દ્વારા કરવામાં આવી. અંતમાં સૌનો આભાર વ્યક્ત કરી તાલિમ કાર્યક્રમ પુર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.






શોધન કેન્દ્ર, અરણેજ

